


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 130
Dt.: 20-01-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ નીતિ દેખાડવી જોઈએ : જયશંકર

## પાકિસ્તાનના આતંકવાદને હવા આપવાનું બંધ કરોઃ જયશંકરનો પોલેન્ડને જવાબ

### અમે યુક્રેન સંઘર્ષ માટે હંમેશા પોતાના વિચાર દુનિયા સામે રાખ્યા છે, પણ ભારતને સિલેક્ટિવ ટાર્ગેટ કરવું અયોગ્ય અને અન્યાયપૂર્ણ છેઃ જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં વિદેશમંત્રી એસ જયંશકરે પૉલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી રાડોસ્લાવ સિકોસ્કી સાથે દ્વિપક્ષીય વાતચીતમાં પૉલેન્ડના આતંકવાદને લઈને રહેલા વલણ પર કડક વાંધો ઉઠાવ્યો છે. જયશંકરે પૉલેન્ડના વિદેશમંત્રીને કહ્યું છે કે તેમના દેશે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ નીતિ દેખાડવી જોઈએ, પડોશમાં વધી રહેલા આતંકવાદ(પાકિસ્તાન)ના માળખાને ખાતર પાણી દેવામાં મદદ કરવી ન જોઈએ. વિદેશમંત્રી એસ જયંશકરે પૉલેન્ડને રોકડું પરખાવતા કહ્યું કે, અમે યુક્રેન સંઘર્ષ માટે હંમેશા પોતાના વિચાર દુનિયા સામે રાખ્યા છે, પણ ભારતને સિલેક્ટિવ ટાર્ગેટ કરવું અયોગ્ય અને અન્યાયપૂર્ણ છે, આ સંપૂર્ણ રીતે પાયાવિહોણું છે, અને ફરી આજે કહું છું કે ભારત પોતાના હિતો સામે કોઈ પણ પ્રહારના બેવડા માપદંડનો સ્વીકાર નહીં કરે. મહત્વનું છે કે પૉલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રીએ ઓક્ટોબરમાં કરેલી પાકિસ્તાન યાત્રા દરમિયાન સંયુક્ત નિવેદનમાં કાશ્મીરનો ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે પાકિસ્તાને જમ્મુ કાશ્મીરના મુદ્દે અને પોલેન્ડે યુક્રેન યુદ્ધ પર પોતાનો પક્ષ રાખ્યો, ભારતે ત્યારે જ પૉલેન્ડના આ વલણની નિંદા કરી હતી, હવે જ્યારે પોલેન્ડના વિદેશમંત્રી ભારત પ્રવાસે ત્યારે બેઠકમાં આ મુદ્દો દિલ્હી તરફથી ઉઠાવવામાં આવ્યો હતો. પૉલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી રાડોસ્લાવ સિકોસ્કીએ પણ જયશંકરની વાત પર સહમતી બતાવી, અને કહ્યું કે મને જયપુર લિટરેરી ફેસ્ટિવલમાં હાજર રહીને ખુશી થઈ રહી છે, આ એક શાનદાર વૈશ્વિક સાંસ્કૃતિક કાર્યક્રમ છે, હું સરહદ પારના આતંકવાદ સામે મુકાબલો કરવાની જરૂરિયાત પર સહમત છું, પૉલેન્ડ આગચંપી અને આતંકવાદ બંનેનો શિકાર થઈ રહ્યું છે. તો બીજી તરફ પૉલેન્ડના વિદેશમંત્રીએ એસ જયંશંકરની એ વાત પર સમર્થન જાહેર કર્યું કે જેમાં ભારતના વિદેશમંત્રીએ કહ્યું હતું કે અમેરિકા ખાસ દેશોને ટેરિફથી ટાર્ગેટ કરી રહ્યા છે, રાડોસ્લાવ સિકોસ્કીએ કહ્યું, ટેરિફથી અમુક દેશોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે જે વાત પર હું સહમત છું, અમને ડર છે કે વૈશ્વિક વેપાર ઉથલ પાથલનું રૂપ ધારણ કરી શકે છે. વધુમાં તેમણે કહ્યું છે તેમણે આશા છે કે યુરોપ સાથે ભારત આ ક્ષેત્રમાં જોડાણ યથાવત રાખશે, અમે જોયું છે કે ભારત યુરોપની દરેક જગ્યા પર દૂતાવાસ સ્થાપી રહ્યું છે જેનો અર્થ એ છે કે યુરોપિયન સંઘ સાથે સંબંધને લઈને ભારત ખૂબ ગંભીર છે



### ગ્રીનલેન્ડથી પાછી બોલાવી સેના, હજુ ૮ દેશો મક્કમ

## અમેરિકા VS યુરોપઃ ટેરિફ લાગતાં જ ગભરાયું જર્મની!

### ટ્રમ્પે ગ્રીનલેન્ડ ખરીદવાની પોતાની જીદ પૂરી કરવા માટે યુરોપના ૮ દેશો પર ૧૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)જર્મની

ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકા અને યુરોપ વચ્ચે સર્જાયેલો તણાવ હવે ગંભીર આર્થિક અને સૈન્ય સંઘર્ષમાં પરિવર્તિત થઈ રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ ખરીદવાની પોતાની જીદ પૂરી કરવા માટે યુરોપના ૮ દેશો પર ૧૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ દેશોમાં ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુકે, નેધરલેન્ડ અને ફિનલેન્ડનો સમાવેશ થાય છે.

ટ્રમ્પે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ૧ ફેબ્રુઆરીથી ૧૦% ટેરિફ લાદ્યા બાદ પણ ગ્રીનલેન્ડના મુદ્દે સમજૂતી નહીં થાય, તો ૧ જૂનથી આ ટેરિફ વધારીને ૨૫% કરી દેવામાં આવશે. આ ઈતિહાસમાં પ્રથમ ઘટના છે જ્યારે કોઈ અમેરિકન પ્રમુખએ જમીન ખરીદવા માટે પોતાના જ નાટો **(NATO)** સહયોગીઓ વિરુદ્ધ આર્થિક પ્રતિબંધોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો હોય.

અમેરિકાના આ ભારે દબાણની પ્રથમ અસર જર્મની પર જોવા મળી છે. મીડિયા અહેવાલ અનુસાર, જર્મનીએ ગ્રીનલેન્ડમાંથી પોતાની સૈન્ય ટુકડી પાછી ખેંચવાનું શરૂ કરી દીધું છે. જર્મનીના ૧૫ સૈનિકો સિવિલિયન ફ્લાઈટ દ્વારા પરત ફરી રહ્યા છે, જેને ટ્રમ્પની ધમકી બાદ ડેમેજ કંટ્રોલ તરીકે જોવામાં આવે છે.

જર્મનીની અર્થવ્યવસ્થા પહેલેથી જ નબળી હોવાથી તે અમેરિકા સાથે ટ્રેડ વોર કે સૈન્ય સંઘર્ષનું જોખમ ઉઠાવવા માંગતું નથી. જોકે, અન્ય યુરોપીયન દેશો હજુ પણ પોતાની મક્કમતા બતાવી રહ્યા છે અને આર્કટિક ક્ષેત્રમાં ફાઈટર જેટ્સ તથા સૈન્ય સજ્જતા જાળવી રાખી છે.

બીજી તરફ, યુરોપીયન યુનિયન(EU)ના નેતૃત્વએ ટ્રમ્પ સામે ઝૂકવાનો સાફ ઈન્કાર કર્યો છે. EUના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેને સ્પષ્ટ કર્યું છે કે, યુરોપ પોતાની સંપ્રભુતા જાળવી રાખવા માટે એકજૂથ છે અને આવા ટેરિફ ટ્રાન્સ-એટલાન્ટિક સંબંધોને નબળા નહી પાડી શકે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે પણ ટ્રમ્પના આ વલણને અસ્વીકાર્ય ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે મિત્ર દેશો પર આવી ધમકીઓ આપવી તે નાટોની સામૂહિક સુરક્ષાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

આ વિવાદમાં સૌથી મોટો ખતરો રશિયા અને ચીન તરફથી હોવાનું ઈયુની વિદેશ નીતિના વડા કાજા કૈલાસે જણાવ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જ્યારે અમેરિકા અને યુરોપ જેવા બે જૂના મિત્રો લડે છે, ત્યારે તેનો સીધો ફાયદો રશિયા અને ચીનને મળે છે. આ સંઘર્ષ યુક્રેન યુદ્ધ પરથી પણ ધ્યાન ભટકાવી રહ્યો છે. હવે આખી દુનિયાની નજર ૧ ફેબ્રુઆરી પર છે. જો ટ્રમ્પ ખરેખર ટેરિફ લાગુ કરશે, તો પશ્ચિમી દેશોની એકતામાં મોટું ગાબડું પડી શકે છે અને વિશ્વ વ્યવસ્થામાં એક અસ્થિરતાનો નવો યુગ શરૂ થઈ શકે છે.

### ૨૦૨૮ સુધીમાં રામ મંદિર થશે તૈયાર

## મમતાના ગઢમાં ભાજપ ૧૦૦ કરોડના ખર્ચે બનાવશે બંગાળી રામ મંદિર

### આ પ્રસ્તાવિત મંદિર માત્ર એક ધાર્મિક માળખું જ નહીં, પરંતુ બંગાળની સાંસ્કૃતિક વિરાસતને સમર્પિત મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનો માહોલ ગરમાવાની સાથે જ મંદિર-મસ્જિદની રાજનીતિ પણ તેજ થઈ રહી છે. આ રાજકીય ગરમાવા વચ્ચે, હવે નદિયા જિલ્લાના શાંતિપુરમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બંગાળી રામની થીમ પર એક ભવ્ય રામ મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ પ્રસ્તાવિત મંદિર માત્ર એક ધાર્મિક માળખું જ નહીં, પરંતુ બંગાળની સાંસ્કૃતિક વિરાસતને સમર્પિત એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે. આ મંદિર ૧૫મી સદીના મહાન કવિ કૃત્તિબાસ ઓઝા દ્વારા રચિત બંગાળી રામાયણ શ્રીરામ પંચાલીથી પ્રેરિત હશે. કૃત્તિબાસ ઓઝાની રામાયણ આજે પણ દરેક બંગાળી ઘરમાં શ્રદ્ધાપૂર્વક વાંચવામાં આવે છે. આ જ બંગાળી રામની વિભાવનાને કેન્દ્રમાં રાખીને શાંતિપુરમાં વિશાળ રામ મંદિર અને હેરિટેજ સેન્ટર બનાવવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. શ્રી કૃત્તિબાસ રામ મંદિર ટ્રસ્ટ, જે એક રજિસ્ટર્ડ ધાર્મિક અને જનકલ્યાણકારી સંસ્થા છે, આ મંદિરનું નિર્માણ કરાવી રહ્યું છે. આ પ્રોજેક્ટની ઔપચારિક શરૂઆત રવિવારે ટ્રસ્ટના સભ્યો દ્વારા જમીનના અંતિમ સર્વેક્ષણ સાથે કરવામાં આવી. આ ટ્રસ્ટના અધ્યક્ષ શાંતિપુરના પૂર્વ તૃણમૂલ ધારાસભ્ય અરિંદમ ભટ્ટાચાર્ય છે, જેઓ હવે ભાજપમાં જોડાઈ ગયા છે. તેમણે દ્રહ્ફ સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "અમે ૨૦૧૭થી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છીએ, આ કોઈ ચૂંટણી પ્રોજેક્ટ નથી." અરિંદમ ભટ્ટાચાર્યે જણાવ્યું કે આ મંદિર માટે ૧૫ બીઘા જમીન સ્થાનિક રહેવાસીઓ લિતન ભટ્ટાચાર્ય અને પૂજા બેનર્જીએ દાનમાં આપી છે. આ મંદિરનું નિર્માણ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. નેપાળના પ્રસિદ્ધ પશુપતિનાથ મંદિર સાથે સંકળાયેલા વૈદિક વિદ્વાન અર્જુન દાસતુલાને મંદિરના સત્તાવાર સંરક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મંદિર પરિસરમાં એક સાંસ્કૃતિક કેન્દ્ર, મેડિકલ કોલેજ, એન્જિનિયરિંગ કોલેજ અને એક સંશોધન કેન્દ્ર સ્થાપવાની પણ યોજના છે. આ મંદિર નિર્માણની જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે રાજ્યમાં મંદિર-મસ્જિદની રાજનીતિ ચરમસીમાએ છે.

### માફી માગવામાં બહુ મોડું થઈ ગયું : ચીફ જસ્ટિસ

## કર્નલ સોફિયા કુરેશી પર ટિપ્પણી કરનારા મંત્રી વિજય શર્માને સુપ્રીમ કોર્ટમાંથી ફટકાર મળી

### રાજ્ય સરકારે આ મામલામાં કેસની મંજૂરી સાથે જોડાયેલા નિર્ણય પર બે અઠવાડિયા નિર્ણય લેવો પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂરના સમયે કર્નલ સોફિયા કુરૈશીને લઈને કરવામાં આવેલી વિવાદિત ટિપ્પણીના કેસમાં મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હવે માફી માગવામાં બહુ મોડું થઈ ચૂક્યું છે અને આ પ્રકારની માફી સ્વીકાર્ય હોઈ શકે નહીં.

આ મામલાની સુનાવણી દરમ્યાન વિજય શાહ તરફથી વરિષ્ઠ વકીલ મનિંદર સિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે મંત્રી વિજય શાહે પોતાનું માફીનામું દાખલ કરી દીધું છે અને તેઓ તપાસમાં પૂરતો સહયોગ કરી રહ્યા છે. તેના પર ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે કોર્ટ પહેલા જ એ સ્પષ્ટ કરી ચૂકી છે કે માફી કયા પ્રકારની હોવી જોઈએ. કોર્ટે કહ્યું કે આવા કેસમાં ઔપચારિક માફીનામું દાખલ કરી દેવું પૂરતું નથી.

સીજેઆઈ જસ્ટિસ સૂર્યકાંતે આ મામલાની સુનાવણી દરમ્યાન મધ્ય પ્રદેશ સરકારને નિર્દેશ આપતા કહ્યું કે રાજ્ય સરકારે આ મામલામાં કેસની મંજૂરી સાથે જોડાયેલા નિર્ણય પર બે અઠવાડિયા નિર્ણય લેવો પડશે. તેમણે એવું પણ કહ્યું કે કોર્ટને કહેવાયું છે કે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કોઈ નિર્ણય નથી લીધો, કારણ કે કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે એવું પણ નોંધ લીધી કે એસઆઈટીએ પોતાનો તપાસ રિપોર્ટ રાજ્ય સરકારને સોંપી દીધો છે અને બીએનએસ ૨૦૨૩ની કલમ ૧૯૬ અંતર્ગત ગુનાની સંજ્ઞાન લેવા માટે જરૂરી મંજૂરી માગી છે. કોર્ટે કહ્યું કે કાયદા અંતર્ગત આગળની કાર્યવાહી માટે મંજૂરી ખૂબ જ મહત્ત્વની છે.

સીજેઆઈ જસ્ટિસ સૂર્યકાંતે એવું પણ સ્પષ્ટ કર્યું કે ડીજીપી તરફથી બનાવવામાં આવેલી એસઆઈટીનો વિવરણ એક સીલબંધ રિપોર્ટમાં કોર્ટમાં રજૂ કર્યું હતું, જેને ઓપન કોર્ટમાં ખોલવામાં આવ્યું. રિપોર્ટ અનુસાર, એસઆઈટીએ આ કેસમાં વિવિધ પાસાની તપાસ કરી છે. જો કે રિપોર્ટના પેરા ૧૦.૨માં એવો પણ ઉલ્લેખ છે કે અમુક બિંદુઓને ચાલી રહેલી તપાસમાંથી બહાર રાખવામાં આવ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે આ અગાઉ સુપ્રીમ કોર્ટે વિજય શાહની અરજી પર સુનાવણી કરતા આ સમગ્ર મામલાની તપાસ એસઆઈટીના ગઠનના આદેશ આપ્યા હતા. હવે કોર્ટની કડક ટિપ્પણી બાદ આ કેસ ફરી એક વાર ચર્ચામાં આવ્યો છે. હાલમાં તમામની નજર રાજ્ય સરકારના આગામી પગલા પર ટકેલી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પનો પત્ર લીક થતાં હડકંપ!

## મને નોબેલ પુરસ્કાર ન આપ્યો તેથી હવે શાંતિની જવાબદારી મારી નથી

### ટ્રમ્પે સ્વિકાર કર્યો છે કે, તેઓ નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાના કારણે ગુસ્સે થયા છે અને આ જ કારણે તેઓ ગ્રીનલેન્ડ પર કબજો કરવા મથી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને 'શાંતિ નોબેલ પુરસ્કાર' ન મળતા તેઓ દાદાગીરી પર ઉતરી આવ્યા હોવાનો અને ખૂબ ગુસ્સે થયા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વાસ્તવમાં ટ્રમ્પને નોર્વેના વડાપ્રધાન જોનાસ ગાહર સ્ટોરેને મોકલેલો પત્ર લીક થયો છે. તેમાં નોબેલ પુરસ્કાર અને ગ્રીનલેન્ડનો ઉલ્લેખ થયો છે. આ ચોંકાવનારી માહિતી સામે આવ્યા બાદ હડકંપ મચી ગયો છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પત્રમાં લખ્યું છે કે, વિશ્વમાં શાંતિ સ્થાપવા માટેનો વિચાર કરવાની જવાબદારી તેમની નથી. ટ્રમ્પે સ્વિકાર કર્યો છે કે, તેઓ નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાના કારણે ગુસ્સે થયા છે અને આ જ કારણે તેઓ ગ્રીનલેન્ડ પર કબજો કરવા મથી રહ્યા છે. આ તમામ માહિતી પબ્લિક બ્રોડકાસ્ટિંગ સર્વિસે આપી છે. ટ્રમ્પના પત્ર પરથી લાગી રહ્યું છે કે, નોબેલ પુરસ્કાર ન મળતાં તેમનું વૈશ્વિક મુદ્દાઓ જોવાનું વલણ બદલાઈ ગયું છે. તેમણે લખ્યું છે કે, 'મારા દેશે આઠથી વધુ યુદ્ધ અટકાવ્યા છતાં મને નોબેલ શાંતિ પુરસ્કાર ન અપાયો. તેથી મને લાગી રહ્યું છે કે, મને હવે ફક્ત શાંતિ વિશે વિચારવાની કોઈ ફરજ નથી લાગતી. જોકે હંમેશા શાંતિ મુખ્ય બાબત છે, પરંતુ હવે હું તે વિચારી શકું છું કે, અમેરિકા માટે શું યોગ્ય છે.'

ટ્રમ્પે પત્રમાં કહ્યું છે કે, શાંતિની દિશામાં કામ કરવા છતાં તેમને નોબેલ પુરસ્કાર મળ્યો નથી, તેથી હવે તેઓ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની દિશામાં કડક પગલા ભરી શકે છે.

ગ્રીનલેન્ડ ભૌગોલિક રીતે ડેનમાર્કનો ભાગ છે, પરંતુ ટ્રમ્પના પત્રમાં આ દાવાને રદીયો અપાયો છે. તેમણે ડેનમાર્કની સંપ્રભુતા પર પણ સવાલો ઉઠાવ્યા તર્ક આપ્યો છે કે, રશિયા કે ચીન ડેનમાર્કના દ્વીપ ગ્રીનલેન્ડનું રક્ષણ નહીં કરી શકે.

ટ્રમ્પે કહ્યું કે, 'ડેનમાર્ક ગ્રીનલેન્ડને રશિયા કે ચીનથી સુરક્ષિત નહીં રાખી શકે, તો પછી તેની પાસે માલિકી હક કેમ છે? ગ્રીનલેન્ડ ડેનમાર્કનું હોવાનો કોઈ લેખિત દસ્તાવેજ પણ નથી. વાત માત્ર એટલી છે કે, હજારો વર્ષ પહેલા ત્યાં માત્ર એક હોડી પહોંચી હતી, પરંતુ અમારી હોડીઓ પણ ત્યાં પહોંચી હતી.'

નોર્વેના વડાપ્રધાન સ્ટોરે સ્થાનીક સમાચાર પત્રથી પુષ્ટિ કરી છે કે, તેમને ટ્રમ્પનો આ સંદેશ મળ્યો છે. તેમણે કહ્યું કે, તેમણે ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ્બ સાથે મળીને ટ્રમ્પને એક પત્ર મોકલ્યો હતો, જેમાં નોર્વે, ફિનલેન્ડ સહિત ઘણા દેશો પર ટેરિફ લગાવવાનો વિરોધ કરાયો હતો. હવે આ પત્રના જવાબમાં ટ્રમ્પે પોતાનો ગુસ્સે દેખાડ્યો છે. સ્ટોરે કહ્યું કે, 'હું પુષ્ટિ કરી શકું છું કે, આ તે જ વાતો છે, જે મને કાલે બપોરે ટ્રમ્પ દ્વારા મળેલા પત્રમાં લખી હતી. મેં સ્ટબ્બ સાથે મળીને ટ્રમ્પને એક પત્ર મોકલ્યો હતો, જેના જવાબમાં ટ્રમ્પે મને આ પત્ર મોકલ્યો છે.' પીબીએસના રિપોર્ટ મુજબ, આવા પત્રો વોશિંગ્ટનમાં ઘણા યુરોપીયન રાજદૂતોને મોકલાયા છે.




# તંત્રી લેખ......

## અમેરિકા દુનિયાને અસ્થિર કરી રહ્યું છે

વેનેઝુએલા પર અમેરિકાના હુમલા અને તેના રાષ્ટ્રપતિના અપહરણની ચર્ચા, આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને, ભાગ્યે જ શમી હતી જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવાનો ઈરાદો જાહેર કર્યો. જોકે તેમણે અગાઉ ગ્રીનલેન્ડ મેળવવાની વાત કરી હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાય અને ખાસ કરીને યુરોપે તેમના શબ્દોને હળવાશથી લીધા હતા. જોકે, ટ્રમ્પે કોઈપણ કિંમતે આ સ્વાયત્ત ડેનિશ પ્રદેશને પોતાના કબજામાં લેવાનો ઈરાદો વ્યક્ત કરતા હવે તેમની ચિંતાઓ વધી રહી છે. આ કારણોસર, લશ્કરી સંગઠન નાટોમાં કેટલાક યુરોપિયન દેશો ગ્રીનલેન્ડમાં પોતાના સૈનિકો મોકલી રહ્યા છે. ડેનમાર્કના નેતાઓ, ગ્રીનલેન્ડ સાથે, સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ટ્રમ્પના ઈરાદાઓને પૂર્ણ થવા દેશે નહીં, પરંતુ યુએસ રાષ્ટ્રપતિ તેનું સાંભળતા નથી. તેઓ નાટોના અંત અંગે ડેનમાર્કની ચેતવણીની મજાક ઉડાવે છે, કહે છે કે જો પાંચસો વર્ષ પહેલાં ડેનિશ જહાજ ગ્રીનલેન્ડમાં આવ્યું, તો તેનો અર્થ એ નથી કે તે તેમનું છે. ગ્રીનલેન્ડનો વિસ્તાર ભારતની જમીનનો આશરે ૭૦ ટકા છે. તે વિશ્વનો સૌથી મોટો ટાપુ છે. તેમાં તેલ, ગેસ અને દુર્લભ ખનિજોનો ભંડાર છે. અહીં બરફ પીગળવાને કારણે, આ સંસાધનોના શોષણની સંભાવના વધી રહી છે. તે સ્પષ્ટ છે કે ટ્રમ્પ પણ તેમના પર નજર રાખી રહ્યા છે. વધુમાં, આ ટાપુ વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. ગ્રીનલેન્ડની આસપાસનો બરફ પીગળી રહ્યો હોવાથી, રશિયા અને ચીન માટે દરિયાઈ માર્ગો દ્વારા ત્યાં પહોંચવાનું સરળ બની રહ્યું છે. આ જ કારણ છે કે ટ્રમ્પ કહી રહ્યા છે કે રશિયા અને ચીનની નજર ગ્રીનલેન્ડ પર છે. જોકે ભૂતકાળના યુએસ રાષ્ટ્રપતિઓએ ગ્રીનલેન્ડને ભેળવવાની વાત કરી છે, પરંતુ તેઓ ક્યારેય આ દિશામાં આગળ વધ્યા નથી. જોકે, એક કરાર હેઠળ, યુએસએ ૧૯૫૧ માં ગ્રીનલેન્ડમાં લશ્કરી થાણું સ્થાપ્યું હતું. તે ત્યાં જ રહે છે. ટ્રમ્પ દલીલ કરે છે કે રશિયા અને ચીન તેના પર પ્રભુત્વ સ્થાપિત કરે તે પહેલાં યુએસએ ગ્રીનલેન્ડને ભેળવવું જોઈએ. રશિયા કહે છે કે ટ્રમ્પ ગેરવાજબી રીતે ગ્રીનલેન્ડને ભેળવવા માંગતો હોવાનો દાવો કરી રહ્યા છે. ગમે તે હોય, આજે એવું કહી શકાય નહીં કે રશિયા કે ચીન યુએસને ગ્રીનલેન્ડને ભેળવતા અટકાવી શકશે. આ એટલા માટે છે કારણ કે યુરોપિયન દેશો રશિયાની મદદ સ્વીકારવામાં અનિચ્છા રાખશે, કારણ કે તે પહેલાથી જ તેમની સુરક્ષા માટે ખતરો છે. યુક્રેન સામે રશિયાના યુદ્ધે યુરોપિયન દેશોને શંકાસ્પદ બનાવ્યા છે. તેથી, જો ટ્રમ્પ ખરેખર ગ્રીનલેન્ડને ભેળવવા માટે આગળ વધે તો તે આશ્ચર્યજનક રહેશે નહીં. ડેનમાર્ક અને યુરોપિયન દેશોના વિરોધ છતાં, ચિંતાજનક હકીકત એ છે કે ઘણા યુએસ કાયદા નિર્માતાઓ ટ્રમ્પના મંતવ્ય સાથે સંમત છે કે ગ્રીનલેન્ડને યુનાઈટેડ સ્ટેટ્સનો ભાગ બનાવવો જોઈએ, જેમ અલાસ્કા હતું. ભવિષ્ય શું હશે તેની આગાહી કરવી મુશ્કેલ છે, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે ગ્રીનલેન્ડ પર ટ્રમ્પનું વલણ ફક્ત યુરોપ જ નહીં પરંતુ બાકીના વિશ્વને ચિંતાજનક છે. ટ્રમ્પ ફક્ત ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવા માટે ઉત્સુક દેખાતા નથી. તેઓ ઈરાનમાં લશ્કરી હસ્તક્ષેપનો પણ સંકેત આપી રહ્યા છે. જોકે તેમણે તાજેતરમાં કહ્યું હતું કે આ સમયે ઈરાનમાં હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂર નથી, તેમના પર વિશ્વાસ કરી શકાય નહીં, કારણ કે તે કોઈ રહસ્ય નથી કે તેઓ ઈરાનના કટ્ટરપંથી ઈસ્લામિક શાસનને સ્વીકારતા નથી. વાસ્તવમાં, અમેરિકાને એવો કોઈ દેશ પસંદ નથી જે તેની લાઈન પર ચાલતો નથી.

# ૧૧ વર્ષથી વોન્ટેડ બે મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સમગ્ર ભારતમાં અલગ-અલગ રાજ્યોમાં કુલ ૫૪ ગંભીર ગુનાઓ આચરી અને ૮૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનાર, છેલ્લા ૧૧ વર્ષથી બિહાર અને મહારાષ્ટ્ર પોલીસને વોન્ટેડ એવા બે મુખ્ય આરોપીઓને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે પકડી પાડી મોટી સફળતા હાંસલ કરી છે. બંને આરોપીઓ પર દરેક દીઠ ૫૦-૫૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. સુરત શહેર દ્વારા બીજા રાજ્યોમાં ગુનાઓ આચરી સુરતમાં આવી છુપાઈ રહેતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ટીમ દ્વારા એન્ટી ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સ્ક્વોડ દ્વારા સતત ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત માહિતીના આધારે કામગીરી હાથ ધરવામાં આવી. પાલ આરટીઓ નજીકથી ધરપકડ. ક્રાઈમ બ્રાંચને મળેલ વિશ્વસનીય બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે સુરત શહેરના પાલ આરટીઓ વિસ્તારમાંથી મુખ્ય આરોપી ગોપાલ મોહનસિંહ શેખાવત (ઉ.વ. ૫૯) મોહમ્મદ સલીમખાન મોહમ્મદ જિઆઉદ્દીન તસુરખાન (ઉ.વ. ૪૯)ને ઝડપી લેવામાં આવ્યા. બંને આરોપીઓ સુરત શહેરમાં ન્યુ લુક મલ્ટીટ્રેડ પ્રા.લી. અને ન્યુ લુક રિટેલ્સ પ્રા.લી.ના ડાયરેક્ટર તરીકે કાર્યરત હોવાનું બહાર આવ્યું છે અને તેઓ અડાજણના હની પાર્ક રોડ વિસ્તારમાં રહેતા હતા. ‘એન’ માર્ટના નામે મહાઠગાઈ. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓએ પૂર્વયોજિત ગુનાહિત ઈરાદા સાથે ડુપ્લીકેટ દસ્તાવેજોના આધારે સુરતના અડાજણ વિસ્તારમાં ‘એન’ માર્ટ નામે મોલ શરૂ કર્યો હતો. આ મોલની ફ્રેન્ચાઈઝી આપવાના નામે દેશના અનેક રાજ્યોના હજારો લોકોને લલચાવી, કરોડો નહીં પરંતુ અબજો રૂપિયાનું રોકાણ કરાવી ભારે છેતરપિંડી કરવામાં આવી હતી. જે રોકાણકારોએ પૈસા પરત માંગ્યા તેમને આરોપીઓ દ્વારા ધમકી આપવામાં આવતી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. ૧૧ વર્ષથી ફરાર આ બંને આરોપીઓ બિહાર રાજ્યના બેગુસરાય જિલ્લાના નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં લાંબા સમયથી પકડાયેલા ન હતા. આ કેસમાં નામદાર કોર્ટ દ્વારા CrPC કલમ ૭૦ મુજબ વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા, તેમજ બિહાર પોલીસના ડીઆઈજી દ્વારા દરેક આરોપી પર ?૫૦,૦૦૦નું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. દેશભરમાં ગુનાહિત ઈતિહાસ. આરોપીઓ વિરુદ્ધ આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ચીટફંડ, છેતરપિંડી, વિશ્વાસઘાત, ખોટા દસ્તાવેજો બનાવવાના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ કેસોમાં IPC કલમ ૪૨૦, ૪૦૬, ૪૦૯, ૧૨૦(બ), પ્રાઈઝ ચિટ અને મની સર્ક્યુલેશન એક્ટ, ડિપોઝિટર્સ પ્રોટેક્શન એક્ટ, જેમાં અનેક ગંભીર ધારાઓ લાગુ કરવામાં આવી છે. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ અન્ય રાજ્યોમાં પણ અનેક ગુનાઓ આચર્યા હોવાની કબૂલાત આપી છે. હાલ અન્ય ૩૧ જેટલા ગુનાઓ અંગે વધુ તપાસ ચાલુ છે. બંને આરોપીઓને આગળની કાયદેસર કાર્યવાહી માટે સંબંધિત રાજ્યોને હવાલે કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહીથી સુરત ક્રાઈમ બ્રાંચે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે બીજા રાજ્યોમાં ગુના કરીને સુરતમાં છુપાઈ જનાર કોઈપણ આરોપી હવે બચી શકશે નહીં.’’

### આ અભિયાન હેઠળ રાજ્યમાં કુલ ૨૬,૮૭૪ દાવા રજૂ કરાયા

# ‘તમારા પૈસા, તમારો અધિકાર’ અભિયાન અંતર્ગત ગુજરાતમાં રૂ.૧૦૪ કરોડથી વધુની રકમ મૂળ ખાતેદારને પરત કરાઈ

### કેન્દ્રીય નાણા મંત્રીશ્રી આ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ ગુજરાતથી કરાવ્યો હતો

‘તમારા પૈસા, તમારો અધિકાર’ ટેગલાઈન હેઠળ રાષ્ટ્રવ્યાપી નાણાકીય જાગૃતિ અભિયાનની શરૂઆત કેન્દ્રીય નાણા મંત્રી શ્રી નિર્મલા સિતારમનની ઉપસ્થિતિમાં ઓક્ટોબર-૨૦૨૫માં ગુજરાતની રાજધાની ગાંધીનગરથી કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ કુલ રૂ. ૧૦૪.૬૧ કરોડની રકમ એટલે કે, તેમની મહામૂલી મૂડી સ્વમાનભેર પરત કરાવામાં આવી છે.

રાજ્યમાં આ અભિયાનના પ્રારંભથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં કુલ ૨૬,૮૭૪ દાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ દાવાઓની નિયમ મુજબની ખરાઈ કરીને સંબંધિત બેંકો દ્વારા ખાતેદારોને તેમની રકમ પરત કરવામાં આવી છે. આ ઝુંબેશ એક સરળ પણ શક્તિશાળી સંદેશ આપે છે કે નાગરિકો દ્વારા બચાવેલો દરેક રૂપિયો તેમને અથવા તેમના પરિવારને પરત કરવો જોઈએ. વધુમાં દાવો ન કરાયેલ થાપણો, વીમાની આવક, ડિવિડન્ડ, મ્યુચ્યુઅલ ફંડ બેલેન્સ અને પેન્શન ફક્ત કાગળ પરની એન્ટ્રીઓ નથી, તે સામાન્ય પરિવારોની મહેનતથી કમાયેલી માહામૂલી મૂડી-બચત છે. આ બચત શિક્ષણ, આરોગ્ય સંભાળ અને નાણાકીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

ઉલ્લેખનીય છે કે, તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં દેશભરની વિવિધ બેંકોએ અંદાજે રૂ. ૭૫ હજાર કરોડથી વધુ બિનદાવાપાત્ર થાપણો RBIને ટ્રાન્સફર કરી છે. આ ઉપરાંત RBI પાસે વીમા ક્ષેત્રમાં લગભગ રૂ. ૧૪ હજાર કરોડ, મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝમાં રૂ. ૩ હજાર કરોડ, કંપનીઓમાં રૂ. ૯ હજાર કરોડ અને રૂ. ૧૯ હજાર કરોડના મૂલ્યના શેર બિનઆયોજિત રીતે જમા છે. આમ, દેશમાં અંદાજે કુલ રૂ. ૧.૮૨ લાખ કરોડ રકમ અનકલેમ્ડ છે. હવે સમયાંતરે આ રકમ પરત કરવાનું શરૂ થવાથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ખૂબ મોટો ફાયદો થઈ રહ્યો છે.

ગુજરાતમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં અંદાજે રૂ. ૨,૮૩૬.૮૦ કરોડ તેમજ વીમા કંપનીઓમાં અંદાજે રૂ. ૨૩૫ કરોડની રકમ અનકલેમ્ડ પડી છે, જેમાંથી આ અભિયાન થકી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં રૂ. ૧૦૪.૬૧ કરોડની રકમ તેમને કરેલા દાવાઓ મુજબ પરત કરવામાં આવી છે. ગુજરાત સરકારના તમામ વિભાગોમાં આ પ્રકારની રકમ માટે વિશેષ જાગૃતિ અભિયાન ચલાવીને તેમના ઘર સુધી તેમના હક્કના નાણા પહોંચાડવામાં આવી રહ્યા છે.

આ અભિયાન એ જન ધન યોજના અને UPI થી લઈને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સુધી નાણાકીય સમાવેશમાં ભારતની વ્યાપક સિદ્ધિઓ પર આધારિત છે, જેથી નાગરિકો માત્ર નાણાકીય સેવાઓ સુધી જ નહીં પરંતુ જે હકદાર છે તે પણ પાછું મેળવી શકે. વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આ ઝુંબેશ ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ એમ ત્રણ માસ દરમિયાન ગુજરાત સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચલાવવામાં આવી છે. ડિજિટલ પ્રદર્શનો અને હેલ્પડેસ્ક નાગરિકોને તેમની દાવો ન કરાયેલી નાણાકીય સંપત્તિઓને સરળતાથી શોધી કાઢવા અને તેનો દાવો કરવામાં મદદ કરી રહી છે.

નોંધનીય છે કે, નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ (DFS) દ્વારા સંકલિત આ ઝુંબેશ, ભારતીય રિઝર્વ બેંક (RBI), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI), વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI), પેન્શન ફંડ નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (PFRDA), અને રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ સત્તામંડળ (IEPFA), બેંકો, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ અને પેન્શન સંસ્થાઓ સાથે એક સામાન્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. - જનક દેસાઈ

# સુરતના તડકેશ્વરમાં ટેસ્ટિંગ સમયે પાણીની ટાંકી તૂટી

### આ દુર્ઘટનામાં ૩ મજૂરો ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ૯ લાખ લિટર પાણી વહી જતાં ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દક્ષિણ ગુજરાતમાં સરકારી કામોમાં થતા ભ્રષ્ટાચારનો વધુ એક જીવતો જાગતો પુરાવો સામે આવ્યો છે. સુરતના માંડવી તાલુકાના અરેઠ-તડકેશ્વર ગામે પાણી પુરવઠા યોજના અંતર્ગત નિર્માણ પામેલી વિશાળ ટાંકી લોકાર્પણ પૂર્વે જ ધરાશાયી થઈ ગઈ છે. ટાંકીના ટેસ્ટિંગ દરમિયાન સર્જાયેલી આ દુર્ઘટનામાં ૩ મજૂરો ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ૯ લાખ લિટર પાણી વહી જતાં ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, તડકેશ્વર ગામે ૧૧ લાખ લિટરની ક્ષમતા ધરાવતી પાણીની ટાંકીનું કામ તાજેતરમાં જ પૂર્ણ થયું હતું. કામગીરીની મજબૂતી તપાસવા માટે તેમાં ૯ લાખ લિટર પાણી ભરવામાં આવ્યું હતું. પરંતુ, ભ્રષ્ટાચારના પાયા પર ઉભી થયેલી આ ટાંકી પાણીનો ભાર ઝીલી શકી નહોતી. જોતજોતામાં ટાંકી પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી.

ટાંકી જ્યારે તૂટી ત્યારે ત્યાં કામ કરી રહેલા ૩ મજૂરો તેની ઝપેટમાં આવતા ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે ખસેડાયા છે. ટાંકી ધરાશાયી થતાં જ અંદર રહેલું ૯ લાખ લિટર પાણી ધસમસતા પ્રવાહની જેમ નીચાણવાળા વિસ્તારોમાં ફરી વળ્યું હતું. પૂર જેવો પ્રવાહ જોઈને ગ્રામજનોમાં નાસભાગ મચી ગઈ હતી અને ભારે ફફડાટ ફેલાયો હતો.આ ઘટનાને પગલે ગ્રામજનોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સીધો આક્ષેપ છે કે ટાંકીના નિર્માણમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે. લોકાર્પણ પહેલા જ ટાંકી તૂટી પડતા કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થઈ રહ્યા છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલી આ ટાંકી જમીનદોસ્ત થતા હવે જવાબદારો સામે કડક તપાસની માંગ ઉઠી છે.

### લગ્નના નામે ખેલાયો છેતરપિંડીનો ખેલ

# લૂંટેરી દુલ્હનની ટોળકી રૂ.૧૧.૩૦ લાખ લૂંટી થઈ ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લામાં ’લૂંટેરી દુલ્હન’નો વધુ એક કિસ્સો સામે આવતા ચકચાર મચી ગઈ છે. લગ્ન કરવા માટે યુવકને યુવતી બતાવી, ખોટી લગ્નવિધિ કરાવીને રોકડ રકમ અને દાગીના મળી કુલ રૂપિયા ૧૧,૩૦,૧૦૦ ની છેતરપિંડી આચરી આખી ટોળકી રફુચક્કર થઈ ગઈ હતી.

આ ઘટના ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બની છે. ભોગ બનનાર યુવકને લગ્નની લાલચ આપી એક મકાનમાં બોલાવવામાં આવ્યો હતો, જ્યાં ટોળકી દ્વારા ખોટી રીતે લગ્નની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. લગ્ન બાદ "કન્યાને માતાજીના દર્શન કરાવવા લઈ જઈએ છીએ" તેમ કહી આરોપીઓ તેને સાથે લઈ ગયા હતા અને ત્યારબાદ લૂંટેરી દુલ્હન સહિતના તમામ સાગરીતો પલાયન થઈ ગયા હતા.

આ મામલે રાકેશભાઈ, જ્યોતિબેન, કનુભાઈ, શારદાબેન, જયરાજસિંહ ચૌહાણ તેમજ અન્ય બે મોબાઈલ નંબર ધારકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. છેતરપિંડીનો ભોગ બનેલા યુવકે આખરે ન્યાય માટે મહીસાગર પોલીસના દ્વાર ખખડાવ્યા છે. મહીસાગર પોલીસે આ ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. સાથે જ પોલીસે એવી અપીલ પણ કરી છે કે, જો અન્ય કોઈ વ્યક્તિઓ આ પ્રકારે છેતરપિંડીનો ભોગ બન્યા હોય, તો તેઓએ ડર્યા વગર આગળ આવીને ફરિયાદ નોંધાવવી જોઈએ જેથી આ ટોળકીને સખત સજા કરાવી શકાય.

# વડોદરા સ્ટેશન પર રેલ લાઈનના ટ્રેક સ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવામાં આવ્યો, પ્લેટફોર્મનો પણ કરવામાં આવ્યો વિસ્તાર

વડોદરા મંડળના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર રેલ લાઈનના ટ્રેક સ્ટ્રક્ચરમાં સુધારો કરવા સાથે સાથે રાઈડિંગ ક્વોલિટી વધુ સારી બનાવવા માટે ઈન્ફ્રા ના અનેક મહત્વપૂર્ણ કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ સાથે વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ ને ૫૦ મીટર સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે, જેના કારણે ટ્રેનોના સંચાલનમાં સુવિધા સાથે સાથે પ્લેટફોર્મ પર મુસાફરોની અવરજવર વધુ સારી બની રહેશે.



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરવામાં આવેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર રેલ લાઈનના ઈન્ફ્રા ના અનેક મહત્વપૂર્ણ કાર્યો એન્જિનિયરિંગ વિભાગના રેલકર્મચારીઓએ અવિરત પ્રયાસોથી માત્ર ૨૫ દિવસના બ્લોક દરમિયાન પૂર્ણ કરી લીધો. અગાઉ પ્લેટફોર્મ નંબર ૩ની રેલ લાઈન પર સતત પાણી ભરાતું રહેતું હતું, જેના કારણે ગંદકી ફેલાતી હતી અને વારંવાર ટ્રેક સર્કિટ ફેલ થતી હતી. તેના પરિણામે ટ્રેનોની સમયપાલન પર અસર પડી રહી હતી. લાંબા સમય સુધી ટ્રેક પર પાણી જમા રહેવાને કારણે રેલ ટ્રેકના સ્લીપર અને ટ્રેકની બનાવટ બગડી રહી હતી, જેના કારણે ટ્રેન સંચાલનની સંરક્ષા પર અસર થતી હતી.

આ ખામીઓને દૂર કરવા માટે વડોદરા મંડળના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા મેન્ટેનન્સ તથા ઓપરેશનલ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ૪૦૦ મીટર લાંબી નવી વોટર હાઈડ્રન્ટ પાઈપલાઈન બિછાવવામાં આવી છે. સપાટી અને ભૂગર્ભ પાણીનો અસરકારક રીતે નિકાલ કરવા માટે લાઈન નંબર ૩ અને લાઈન નંબર ૪ વચ્ચે ૩૦૦ મીટર લાંબો નવો સેન્ટ્રલ ડ્રેન બનાવવામાં આવ્યો છે. ઉપરાંત, હાલના ૩૮૦ મીટર સેન્ટ્રલ ડ્રેનની મરમ્મત કરી તેને સુધારવામાં આવ્યો છે તેમજ તેના પર કવર સ્ક્રીન પણ લગાવવામાં આવી છે.

આ ઉપરાંત, યોગ્ય ગિટ્ટી કુશન પુનઃસ્થાપિત કરવા, ડ્રેનેજ વધુ સુદૃઢ બનાવવા અને બગડેલી ગિટ્ટી દૂર કરવા માટે લાઈન નંબર ૩ પર ૭૯૦ મીટરની ડીપ સ્ક્રીનિંગ કરવામાં આવી છે. ક્ષતિગ્રસ્ત અને ખરાબ સ્લીપરને બદલીને ટ્રેકની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ૭૯૦ મીટરનું ટોટલ સ્લીપર રિન્યુઅલ (TSR) કરવામાં આવ્યું છે.

સેક્શનને ૩૦ કિમી પ્રતિ કલાકની અનુમત ગતિ માટે યોગ્ય બનાવવા માટે ટ્રેક જ્યોમેટ્રી સુધારવામાં આવી છે, જેમાં એલાઈનમેન્ટ, કેન્ટ અને ગેજનો સમાવેશ થાય છે તેમજ કર્વના પેરામીટરોને ફરીથી અલાઈન કરવામાં આવ્યા છે. આ ઈન્ફ્રા કાર્યોના પરિણામે પ્લેટફોર્મ નંબર ૩ની રેલ લાઈનના ટ્રેક સ્ટ્રક્ચરમાં સુધારો થશે સાથે સાથે રાઈડિંગ ક્વોલિટી પણ વધુ સારી બનશે.

### સ્કૂલમાં વિદ્યાર્થી પર હુમલાની ઘટના સામે આવી

# ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલને રૂપિયા ૩૦૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

હાલ રાજ્યમાં શિક્ષણ અને શાળાનું સંચાલન કથળી રહ્યું હોય તેવા સમાચારો સતત સામે આવી રહ્યા છે.

આજે અમદાવાદની નેશનલ સ્કૂલમાં વિદ્યાર્થી પર હુમલાની ઘટના સામે આવી છે. આવામાં વડોદરામાં એક શાળાને બાળકોને શારીરિક ત્રાસ આપવાના આરોપમાં ૩૦૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવતા શિક્ષણ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વડોદરાના ભાયલીમાં આવેલી ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલને રૂપિયા ૩૦૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ વડોદરા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ફટકારવામાં આવ્યો છે. બાળકોને શારીરિક ત્રાસ આપવાનો ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલ પર આરોપ છે. આ સાથે ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સરકારી સૂચનાનું પાલન ન કરવાનો પણ આરોપ DEO દ્વારા લગાવવામાં આવ્યો છે. ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં લાયકાત વગરના શિક્ષકોને ફરજ પર રાખ્યાની વિગત પણ જિલ્લા શિક્ષણ અધિકારી આપી છે. આ મામલે વડોદરા જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકોને માનસિક શારીરિક ત્રાસ આપવો, સરકારની સૂચનાઓનું પાલન ન કરવું અને લાયકાત વગરના શિક્ષકોને ફરજ પર રાખવા જેવી ફરિયાદોના આધારે કકડ કાર્યવાહી કરવામાં આવી છે. આ બદલ ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલને રૂપિયા ૩૦૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# દિલ્હીમાં ગુજરાત ભાજપનો જમાવડો: આખી ભાજપની ટીમને દિલ્હી બોલાવવાનો હાઈકમાન્ડનો પ્લાન

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણીની પ્રક્રિયા આજે તારીખ ૧૯ મી થી શરૂ થઈ છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન આજે દિલ્હી સ્થિત કાર્યાલયમાં પોતાનુ નામાંકન દાખલ કરાવ્યુ હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા ત્યારે ભાજપના મુખ્યાલય ખાતે હલચલ તેજ બની હતી. આ ચુંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ભાજપ શાસિત લગભગ તમામ રાજયોના મુખ્યમંત્રી, રાજયોના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પરીષદના સદસ્યો દિલ્હી પહોચી ગયા છે.

જેમાં નામાંકન સમયે હાજર રહયા હતા ત્યારે ગુજરાત ભાજપની આખી ટીમ દિલ્હી રવાના થઈ ગઈ છે. ગુજરાત પ્રદેશ ભાજપા મીડીયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યુ છે કે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી માટે આજે ૧૯ જાન્યુઆરીએ નામાંકન અને ૨૦ જાન્યુઆરીએ જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાત ના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિત ભાજપા અગ્રણીઓ બે દિવસના દિલ્હી પ્રવાસે ગયા છે. રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી માટે દિલ્હી ઉપસ્થિત રહેનાર આગેવાનો અને દિલ્હી પહોચેલા નેતાઓમાં (૧) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ (૨) સીઆર પાટીલ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ (૩)




મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રી (૪) નીમુબેન બાંભણીયા કેન્દ્રીય મંત્રી (૫) રાજેન્દ્રસિંહ રાણા પુર્વ પ્રદેશ પ્રમુખ (૬) પરશોત્તમભાઈ રૂપાલા સાંસદ તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ (૭) જીતુ વાઘાણી કેબિનેટ મંત્રી તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ (૮) નીતિન પટેલ પૂર્વ નાયબ મુખ્યમંત્રી (૯) ભુપેન્દ્રસિંહ ચુડાસમા પૂર્વ મંત્રી (૧૦) રજની પટેલ પૂર્વ પ્રદેશ મહામંત્રી તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી (૧૧) ભરતસિંહ પરમાર પૂર્વ સાંસદ (રાજયસભા) (૧૨) જયસિંહ ચૌહાણ પૂર્વ સાંસદ (રાજયસભા) (૧૩) વિનોદ ચાવડા સાંસદ (લોકસભા)(૧૪ ) જશવંતસિંહ ભાભોર સાંસદ (લોકસભા) (૧૫) શંભુ પ્રસાદ ટુંડીયા ધારાસભ્ય તથા એસસી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી (૧૬) વેલજીભાઈ માસાણી ઓબીસી મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (૧૭) રતનસિંહ રાઠોડ પૂર્વ સાંસદ (લોકસભા) (૧૮) માયાબેન કોડનાની પૂર્વ ધારાસભ્ય (૧૯) જગદીશ પટેલ પૂર્વ ધારાસભ્ય (૨૦) અમીબેન પરીખ જામનગરના પૂર્વ મેયર

રાષ્ટ્રીય અધ્યક્ષની ચુંટણી પ્રક્રિયા માટે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે નિમ્ન લીખીત મહાનુભાવો દિલ્હી જવા રવાના થશે. જેમાં (૧) જગદીશ વિશ્વકર્મા પ્રદેશ ભાજપ પ્રમુખ (૨) રત્નાકર પ્રદેશ સંગઠન મહામંત્રી (૩) આર સી ફળદુ પુર્વ પ્રદેશ પ્રમુખ તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી (૪) આઈ કે જાડેજા પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ અને પુર્વ પ્રદેશ પ્રવકતા તથા પૂર્વ મંત્રી (૫) દર્શનાબેન જરદોશ પૂર્વ કેન્દ્રીય મંત્રી (૬) પ્રદિપસિંહ જાડેજા પૂર્વ મંત્રી (૭) શ્રીમતી ભાવનાબેન દવે પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ તથા પુર્વ સાંસદ (૮) જયશ્રી પટેલ પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ તથા પુર્વ સાંસદ (૯) સુરેન્દ્ર પટેલ પૂર્વ પ્રદેશ કોષાધ્યક્ષ તથા પૂર્વ સાંસદ (૧૦) ગોરધન ઝડફીયા પુર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ તથા પૂર્વ મંત્રી (૧૧) બાબુભાઈ જેબાલીયા કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી તથા કિસાન મોરચાના પુર્વ પ્રદેશ અધ્યક્ષ (૧૨) ડો. પરીન્દુ કે ભગત પ્રદેશ કોષાધ્યક્ષ

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧.૪૫ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૩.૦૪ લાખને પારઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૩ લપસ્યો


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૭૪૬.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૭૫૦૮.૧૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૬૭૬૫.૪૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૮૧૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૪૪૨૭૦.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૭૪૬.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૭૫૦૮.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૯૮૧૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૪૪૧.૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૬૭૬૫.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૩૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૫૫૦૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૪૩૩૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૨૫૧૭ના આગલા બંધ સામે રૂ.૨૩૭૯ના ઉછાળા સાથે રૂ.૧૪૪૮૯૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૪૦૨ વધી રૂ.૧૧૭૨૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦૩ વધી રૂ.૧૪૬૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૮૦ વધી રૂ.૧૪૪૫૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૮૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૫૧૮૯ અને નીચામાં રૂ.૧૪૩૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૨૯૧૩ના આગલા બંધ સામે રૂ.૧૮૦૨ વધી રૂ.૧૪૪૭૧૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૯૩૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૪૨૦૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૨૯૩૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૮૭૭૬૨ના આગલા બંધ સામે રૂ.૧૪૯૧૮ના ઉછાળા સાથે રૂ.૩૦૨૬૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૫૪૭ વધી રૂ.૩૦૪૫૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૫૭૯ વધી રૂ.૩૦૪૬૭૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૬૭૭.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૯ વધી રૂ.૧૨૯૮.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૨ વધી રૂ.૩૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૩૧૮.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૫૦ પૈસા વધી રૂ.૧૯૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૨૯૯.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૧૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૨૪ અને નીચામાં રૂ.૪૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૬૧ ઘટી રૂ.૪૦૨૯ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૪૨૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૩૫ અને નીચામાં રૂ.૫૩૫૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૪૯ના આગલા બંધ સામે રૂ.૬૩ ઘટી રૂ.૫૩૮૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૦ ઘટી રૂ.૫૩૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩૭.૩ વધી રૂ.૩૧૭.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૩૭.૨ વધી રૂ.૩૧૭.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૩ના ભાવે ખૂલી, ૫૦ પૈસા ઘટી રૂ.૯૭૫ થયો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૨૮૦ વધી રૂ.૨૬૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૨૬૬૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૧૫૧૫.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૫૨૪૯.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૮૪૫.૯૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૩.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૬.૪૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૬.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૭૭.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૦૪.૯૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૭૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૪૭૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૮૧૨૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૪૭૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૮૩૧૮૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૪૪૬૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૧૨૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૬૦૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૦૬૧૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૫૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૬૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૧૨૫૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૯૬૧૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૯૩૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૧૦૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૭૨ પોઈન્ટ વધી ૩૯૮૧૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૩.૮ ઘટી રૂ.૨૨૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૧ વધી રૂ.૧૩.૭ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૦ વધી રૂ.૧૭૩૬.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૧૩ વધી રૂ.૧૫૮૨૩.૫ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૭ પૈસા ઘટી રૂ.૧૭.૮૫ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૭ પૈસા ઘટી રૂ.૧.૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯ વધી રૂ.૨૪૫.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૩ ઘટી રૂ.૧૦.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૭ ઘટી રૂ.૩૪૬.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૫૯૨.૫ ઘટી રૂ.૧૨૯૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯.૪૪ ઘટી રૂ.૧૯.૧ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૩ પૈસા ઘટી રૂ.૦.૫ના ભાવે બોલાયો હતો.

### પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુઓની ખેતીઃ ખેડૂતો સાથે આત્મીય સંવાદમાં રાજ્યપાલશ્રીનો માર્ગદર્શનસભર સંદેશ

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનથી વિરમપુરમાં પ્રાકૃતિક ખેતી, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને નવી દિશા







બનાસકાંઠા જિલ્લાના વિરમપુર ગામની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કન્યા સાક્ષરતા નિવાસી શાળાની સરકારી પ્રાથમિક શાળામાં સાદગીપૂર્ણ રાત્રી રોકાણ કરીને સાદગી, સંવેદનશીલતા અને ગ્રામ્ય જીવન પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી હતી. વહેલી સવારે રાજ્યપાલશ્રીએ વિરમપુરના ગ્રામજનો સાથે સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાતે ઝાડૂ લઈ સફાઈ કરી સ્વચ્છતા અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો.

રાજ્યપાલશ્રીએ શાળા પરિસરમાં આવેલી કેન્ટીનમાં વિધાર્થીઓ સાથે બેસીને સવારનો નાસ્તો કર્યો હતો..આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને ભણી ગણીને ગુજરાત સહિત દેશનું નામ રોશન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી..

રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ ઉજાગર કર્યું હતું.

આ અવસરે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે વિદ્યામંદિર તથા તાલીમ ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સંવેદના ટ્રસ્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીનું હર્ષોલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં નાના ભૂલકાઓએ ઉમળકાભેર સ્વાગત કરી સમગ્ર વાતાવરણને આનંદમય અને ઉત્સાહભર્યું બનાવી દીધું હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીએ આદિવાસી બહેનો દ્વારા જંગલની જડીબુટ્ટીઓથી તૈયાર કરાયેલા સાબુના સ્ટોલ તેમજ પ્રાકૃતિક ખેતીના સ્ટોલની મુલાકાત લઈ તેમની કામગીરીની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના વરદ હસ્તે "નિષ્કામ કર્મયોગી શંકરભાઈ પટેલ" પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું, જેમાં તેમના નિષ્કામ સેવાભાવ અને સમાજપ્રત્યેના યોગદાનને ઉજાગર કરવામાં આવ્યું છે.

સંવેદના ટ્રસ્ટના પદાધિકારીઓએ આ વિસ્તારના જીવન પરિવર્તનમાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું હોવાનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું. તેમણે શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી શંકરભાઈ પટેલ તથા તેમની સમગ્ર ટીમે આદિવાસી ભાઈ-બહેનોના જીવનને સમર્પિત થઈ કરેલી સેવાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે તેમના પ્રયત્નોથી સમગ્ર વિસ્તારની કાયાપલટ થઈ છે. શિક્ષણથી જ સમાજની પ્રગતિ શક્ય બને છે તેમ જણાવી, શિક્ષણધામની વ્યવસ્થા માટે યોગદાન આપનાર શ્રી ભગુભાઈ પટેલ તથા શ્રીમતી મીનાક્ષીબહેનને અભિનંદન પાઠવ્યા હતા. "હું નહિ, પરંતુ સૌ સુખી રહે" એવી વૈદિક વિચારધારામાંથી જન્મતી માનવતાને ઈશ્વર પ્રાપ્ત કરવાનો સાચી માર્ગ તરીકે દર્શાવી, આ દિશામાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા બદલ રાજ્યપાલશ્રીએ સમસ્ત સંવેદના ટ્રસ્ટને સાધુવાદ પાઠવ્યો હતો.

ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. જીવામૃત છાંયડા અથવા વૃક્ષની નીચે બનાવવામાં આવે તો તેમાં રહેલા બેક્ટેરિયા લાંબા સમય સુધી સક્રિય રહે છે. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, જંગલમાં કોઈ યુરિયા ખાતર નાખતું નથી છતાં ત્યાં વૃક્ષો લીલાછમ રહે છે. પ્રાકૃતિક ખેતીની શરૂઆતમાં એક એકર જમીનમાં ઓછામાં ઓછું બે ટન ઘન જીવામૃત આપવું અત્યંત જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું, જેના પરિણામે ઉત્પાદન ઘટતું નથી પરંતુ વધે છે અને બંજર જમીન પણ ફળદ્રુપ બને છે.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોને થોડી-થોડી શરૂઆત કરીને પ્રાકૃતિક ખેતી અપનાવવાની, મલ્ચિંગ તથા મલ્ટીક્રોપ પદ્ધતિથી એક સાથે એકથી વધુ પાક લેવાની સલાહ આપી હતી. તેમજ અગ્નિઅસ્ત્ર, નીમાસ્ત્ર અને ખાટી છાશના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો હતો.

પ્રાકૃતિક ખેતીથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધે છે અને જમીન લાંબા સમય સુધી જીવંત રહે છે તેમ તેમણે જણાવ્યું હતું.

આગામી પેઢીની તંદુરસ્તી માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય હોવાનું જણાવતાં રાજ્યપાલશ્રીએ તાલુકા કક્ષાએ પ્રાકૃતિક ખેતીના ખેત ઉત્પાદનોના વેચાણ માટે અલગ બજાર વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સતત ત્રણ વર્ષ સુધી પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોને સરકાર તરફથી વિશેષ સહાય આપવામાં આવશે તેમ જણાવી તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, "ભવિષ્ય પ્રાકૃતિક ખેતીનું છે." કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સંવેદના ટ્રસ્ટના પદાધિકારીઓ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જીતુભાઈ પટેલ, જ્યોતિ ટ્રસ્ટના તંત્રી શ્રી ડૉ. મિહિરભાઈ જોશી, ગુજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સલર ડૉ. હર્ષદ પટેલ ઉપરાંત રાજ્ય તથા વિસ્તારના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### રેકી કરીને પૂર્વયોજિત લૂંટ

# ખોખરામાં ઘરમાં ઘુસી ચેઈન સ્નેચિંગ કરી ફરાર

## સ્નેચરોએ રસ્તા પર નહીં, પરંતુ એક મહિલાનો પીછો કરી તેમના ઘરમાં ઘુસીને સોનાની ચેઈનની લૂંટ ચલાવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ લાગી રહ્યું છે. અમદાવાદના ખોખરા વિસ્તારમાં ચેઈન સ્નેચરોએ એક એવી ઘટનાને અંજામ આપ્યો છે જેનાથી રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. સ્નેચરોએ રસ્તા પર નહીં, પરંતુ એક મહિલાનો પીછો કરી તેમના ઘરમાં ઘુસીને સોનાની ચેઈનની લૂંટ ચલાવી છે. મણિનગર ગોરના કુવા પાસે આવેલા જીવણ એપાર્ટમેન્ટમાં આ ચોંકાવનારો બનાવ બન્યો છે. સ્વાતીબેન દરજી નામની મહિલા બજારમાંથી ખરીદી કરીને પરત ફરી રહી હતી, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમની રેકી (પીછો) કરી હતી. સ્વાતીબેન જેવા તેમના ફલેટમાં પ્રવેશ્યા, તેની ગણતરીની સેકન્ડોમાં જ એક તસ્કર પાછળથી આવ્યો હતો અને ખેંચતાણ કરી તેમના ગળામાંથી ચેઈન તોડી લીધી હતી. આ ઘટના સવારે અંદાજે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. આરોપીએ ચેઈન તોડ્યા બાદ નીચે ઉભેલા તેના બાઈક સવાર સાગરીત સાથે બેસીને પૂરઝડપે ફરાર થઈ ગયો હતો. ધોળે દિવસે અને રહેણાંક એપાર્ટમેન્ટમાં ઘુસીને આ પ્રકારે લૂંટ થતા પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે એપાર્ટમેન્ટ અને આસપાસના રસ્તાઓના સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે. ફૂટેજમાં આરોપીઓ કેમેરામાં કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે, જેના આધારે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજયમાં ફેબ્રુઆરી ૨૦૨૭ થી બે તબકકામાં વસ્તી ગણતરી શરૂઃ તબકકાવાર નિશ્ચિત માનદ વેતન ચુકવવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં વસ્તી ગણતરી બે તબકકામાં હાથ ધરાશે વસ્તી ગણતરી નિયામક દ્વારા પરીપત્ર જાહેર કરાયો છે. સ્ટાફ, તાલીમ, સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દા અંગે વિસ્તૃત પરીપત્ર જાહેર કરાયો છે.

એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ઘર યાદી તૈયાર થશે. ફેબ્રુઆરી ૨૦૨૭ થી વસ્તી ગણતરી શરૂ થશે, વસ્તી ગણતરી માટે કર્મચારીઓ પોતાનો મોબાઈલ વાપરશે.



કર્મચારીઓને એક નિશ્ચિત માનદ વેતન ચુકવાશે, ગુજરાતમાં વસ્તી ગણતરીને લઈને નિયમો અને વિગતો બહાર પાડવામાં આવી છે. રાજયમાં બે તબકકામાં વસ્તી ગણતરી કરવામાં આવશે. એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ઘર યાદી અને મકાન યાદી તૈયાર કરાશે.

ફેબ્રુઆરી ૨૦૨૭ થી વસ્તી ગણતરી શરૂ કરવામાં આવશે. વસ્તી ગણતરી કરનારા કર્મચારીઓ કામગીરી માટે પોતાનો જ મોબાઈલ ઉપયોગમાં લેશે.

કર્મચારીઓ અને અધિકારીઓને તબકકાવાર નિશ્ચિત માનદ વેતન ચુકવવામાં આવશે. રાજય વસ્તી ગણતરી નિયામક દ્વારા વસ્તી ગણતરી માટે સ્ટાફ, તાલીમ અને જરૂરી સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દા અંગે વિસ્તૃત પરીપત્ર જાહેર કરાયો છે. વસ્તી ગણતરી કરનારા કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત ટેકનીકલ સહાય પણ પુરી પાડવામાં આવશે.

### ગુજરાતમાં ૨૦૨૭ માં સત્તા પરીવર્તન નકકીઃ ભાજપની વિદાયનો સમય આવી ગયો છેઃ અરવિંદ કેજરીવાલ

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો મોટો દાવઃ હવે ભાજપ સાથે સીધી ટકકરઃ કોંગ્રેસ રેસમાંથી બહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેમના ૩ દિવસીય ગુજરાત પ્રવાસ દરમિયાન ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કરતા દાવો કર્યો છે કે રાજયમાં હવે બદલાવની લહેર ચાલી રહી છે. સભાઓમાં જે પોતાની સ્વેચ્છાએ આવી રહેલા લોકો ભાજપથી કંટાળી ગયા છે.

અમદાવાદમાં કાર્યકરોને સંબોધતા કેજરીવાલે કહ્યુ હતુ કે ગુજરાતમા ભાજપના ૩૦ વરસના ભય અને ભ્રષ્ટાચાર ના શાસનનો અંત હવે નજીક છે. અને ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં સંપૂર્ણ સત્તા પરીવર્તન થશે. કેજરીવાલે મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) ચુંટણીના પરીણામોનો હવાલો આપતા કહ્યુ હતુ કે ભાજપ ત્યાં બહુમતીનો આંકડો સ્પર્શવામાં નિષ્ફળ રહી છે. તેમણે કહ્યુ કે તમામ ગેરરીતીઓ છતાં તેઓ બહુમતી મેળવી શકયા નથી. જેનાથી સ્પષ્ટ થાય છે કે જનતા તેમની વિરૂધ્ધ છે. પરંત તેઓ સરકારી તંત્રનો દુરુપયોગ કરી રહ્યા છે. કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ૩ દાયકામાં ભાજપે ગુજરાતને ખાડામાં ધકેલી દીધુ છે.



તેમણે વધુમાં કહ્યુ કે રાજયમાં ચારેય બાજુ ડરનો માહોલ છે અને જે પણ ભ્રષ્ટાચાર કે અન્યાય સામે અવાજ ઉઠાવે છે તેને જેલમાં ધકેલી દેવામાં આવે છે. તેમણે ખાસ કરીને આમ આદમી પાર્ટીના નેતાઓ પ્રવિણરામ, રાજુ કરપડા અને ચૈતર વસાવાનો ઉલ્લેખ કર્યો હતો. જેમને ખેડુતો અને આદિવાસીઓનો અવાજ ઉઠાવવા બદલ જેલમાં પુરવામાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપે અમદાવાદના નિકોલમાં આયોજીત તેમની સભાને રોકવા માટે દમનકારી હથકંડા અપનાવ્યા હતા. આમ આદમી પાર્ટી નેતા ગોપાલ ઈટાલીયા અને ગોપાલ રાયે દાવો કર્યો હતો કે કાર્યક્રમ સ્થળના માલીકને ધમકાવવામાં આવ્યો હતો અને રાતના અંધારામાં મંચ તથા ખુરશીઓ તોડી નાખવામાં આવી હતી. જો કે કાર્યકરોએ સાણંદ પાસે એક ખાનગી ફાર્મ હાઉસ પર ભારે ભીડ એકઠી કરીને પોતાની તાકાતનુ પ્રદર્શન કર્યુ હતું. પાર્ટીની આ આક્રમકતા પાછળ વિસાવદર પેટા ચુંટણીમાં ગોપાલ ઈટાલીયાની શાનદાર જીત માનવામાં આવે છે. ભાજપનો ગઢ ગણાતા આ વિસ્તારમાં ઈટાલીયાએ ભાજપના ઉમેદવારને ૧૭ હજાર થી વધુ મતોથી હરાવીને જાયન્ટ સ્લેયર ની ભુમિકા ભજવી હતી.

કેજરીવાલે તેને ૨૦૨૭ માટે એક વાવાઝોડાની દસ્તક ગણાવી છે. કેજરીવાલે વચન આપ્યુ હતુ કે ૨૦૨૭ માં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો ખેડુતોને ખાતર, બિયારણ અને સિંચાઈ માટે સમયસર રાહત આપવામાં આવશે અને કડદા પ્રથા નાબુદ કરવામાં આવશે. તેમજ યુવાનોને નશો નહી પરંતુ રોજગાર આપવામાં આવશે. જયારે વેપારીઓ માટે પ્રમાણિકતાથી કામ કરવાનુ વાતાવરણ ઉભુ કરવામાં આવશે.

ભાજપે આ દાવાઓ પર પલટવાર કરતા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધનને અંધા લંગડાની જોડી ગણાવી છે. જેમને જમીની હકીકત સાથે કોઈ લેવાદેવા નથી. જો કે દક્ષિણ ગુજરાતના વાપી અને વલસાડ જેવા વિસ્તારોમાં વધતો જનતાનો અસંતોષ અને આમ આદમી પાર્ટીની સક્રિયતાએ આગામી મહાનગરપાલિકાની ચુંટણીઓ પહેલા રાજકીય ગરમાવો વધારી દીધો છે.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MAHANAGAR SEVA SADAN**
**TENDER NOTICE**
**Water Operation(E & M) Department**

Tender for construction, drilling & developing of 150mm dia, 300 mtrs. deep, 15 nos. Shallow Borewell along with supply and lowering of pipes with labour and material with SITC of electrical and mechanical equipments along with accessories and Two years comprehensive repair and maintenance at different places of North west Zone and South west Zone of AMC.

| | |
|---|---|
| Last Date of Online Tender Submission | Date:-12/02/2026 up to 18:00 Hrs |
| Last Date of Tender Submission | Date:-13/02/2026 up to 15:30 Hrs |
| Date of Opening of Technical Bid | Date:-13/02/2026 up to 16:00 Hrs |
| Details and Tender Available on:- | www.tender.nprocure.com |

# ખોટુ કરવા ગયા અને રંગે હાથ પકડાયાઃ કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમાર અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ એસઆઈઆર મુદ્દે કર્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

એસઆઈઆરની કામગીરીને લઈને ગુજરાત કોંગ્રેસે ગંભીર આરોપો લગાવ્યા છે. કોંગ્રેસના ઉપેનતા શૈલેષ પરમાર અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ડ્રાફટ મતદાર યાદી બહાર પડયા બાદ એક સુવ્યવસ્થિત રાજકીય ષડયંત્ર ચાલી રહ્યુ છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ મતચોરી કરીને સત્તામાં આવે છે, જેમ કે રાહુલ ગાંધીએ પણ સ્પષ્ટ કહ્યુ છે. ડ્રાફટ મતદાર યાદી પછી ગુજરાતમાં એક ષડયંત્ર ચાલી રહ્યુ છે.



કોંગ્રેસના નેતાઓએ જણાવ્યુ હતુ કે હાલ ડ્રાફટ મતદાર યાદી બાદની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં બીએલઓ તેમજ રાજકીય પક્ષોના આગેવાનો પણ સામેલ છે. આ પ્રક્રિયાનો દુરુપયોગ કરીને કોંગ્રેસના કમીટેડ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર ડ્રાફટ મતદાર યાદી બહાર પડયા બાદ કલેકટર દ્વારા એઆરઓ ને ફોર્મ નં. ૭ ના બંચ આપવામાં આવ્યા છે. જેનો ઉપયોગ મતદાર યાદીમાંથી નામ કાઢવા માટે થાય છે, ખોટુ કરવા ગયા અને રંગે હાથ પકડાયા છે, શૈલેષ પરમાર અને ઈમરાન ખેડાવાલાએ આરોપ લગાવ્યો હતો કે જે બુથોમાં કોંગ્રેસના સમર્પિત મતદારો વધુ છે તે બુથોમાં ખાસ કીટ બનાવીને નામ કમી કરવા માટેના ફોર્મ વહેંચવામાં આવ્યા છે. આ ફોર્મમાં વિગતો પહેલેથી જ ટાઈપ કરીને ભરેલી છે. જયારે હાથેથી લખેલી વિગતો ગુજરાતીમાં છે અને ટાઈપ કરેલી વિગતો અંગ્રેજીમા હોવાનુ તેમણે જણાવ્યુ હતું. કોગ્રેસ આને સ્પષ્ટ ષડયંત્ર ગણાવ્યુ છે. તેમણે બાપુનગર વિધાનસભા ક્ષેત્રનુ ઉદાહરણ આપતા કહ્યુ હતુ કે ત્યાં અન્ય લોકોના ચુંટણીકાર્ડના આધારે વાંધા ઉઠાવવામાં આવ્યા છે. ખાસ કરીને અનિતાબેન હાર્દિકભાઈ મોદી દ્વારા અનેક વાંધા અરજીઓ કરવામાં આવી હોવાનુ કોંગ્રેસે જણાવ્યુ હતું. કોંગ્રેસનો દાવો છે કે અનિતાબેન મોદી ભાજપના કાર્યકર છે અને ખોટી રીતે સાચા મતદારોના નામ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નેતાઓએ કહ્યુ કે ખોટુ કરવા ગયા અને રંગે હાથ પકડાયા છે. ભાજપને આગામી વિધાનસભાની ચુંટણીનો ડર લાગી રહ્યો છે. કોંગ્રેસે માંગ કરી છે કે ચુંટણીપંચ દ્વારા ૧૮૨ વિધાનસભા બેઠક મુજબ કલેકટર પાસેથી સમગ્ર વિગતો મંગાવવામાં આવે અને વાંધા અરજી કરનાર વ્યકિતને બોલાવીને યોગ્ય તપાસ કરવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ભાજપને આગામી વિધાનસભાની ચુંટણીનો ડર લાગી રહ્યો છે. તેથી આવી હરકતો કરવામાં આવી રહી છે. આ મુદ્દે ચુંટણી કમિશ્નર હરીત શુકલને પણ કોંગ્રેસ દ્વારા રજુઆત કરવામાં આવી છે. અંતમાં કોગ્રેસે સ્પષ્ટ કહ્યુ હતુ કે ખોટા અને બનાવટી વાંધા ઉઠાવનાર સામે પોલીસ ફરીયાદ કરવામાં આવશે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યુ હતુ કે તેઓ લોકશાહીના પવિત્ર મતાધિકારની રક્ષા માટે અંત સુધી લડત આપશે અને સાચા મતદારોના હકકો પર કોઈપણ પ્રકારનો હુમલો સહન કરવામાં નહી આવે.

# પશ્ચિમ રેલ્વેનું રાજકોટ ડિવિઝનમાં આવેલ જેતલસર રેલ્વે જંકશન બચાવવા જન આંદોલનના એંધાણ

રાજકોટઃજેતપુર

જેતલસર રેલ્વે જંકશન બચાવવા જન આંદોલનના એંધાણ. જેતલસર જંકશનના ગ્રામજનોએ મામલતદાર કચેરી ખાતે આપ્યું આવેદન.




રેલ્વે તંત્ર સામે આક્ષેપ છે કે રેલ્વે પ્રશાસન દ્વારા જેતલસરના મહત્વના વિભાગોને અન્યત્ર ખસેડીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. રેલ્વેને દર મહિને આશરે રૂા.૧૦ થી ૧૨ લાખનું વધારાનું આર્થિક નુકસાન થઈ રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. લોકોલોબી, બ્રેકડાઉન અને કેરેજ ડિપાર્ટમેન્ટ જેવા મહત્વના વિભાગો જેતલસરથી હટાવી લેવાતા સ્થાનિક રોજગાર અને વિકાસ પર માઠી અસર પડી રહે છે. જેતલસર પાસે રેલ્વેની ૧૦ લાખ ચોરસ મીટર જમીન ઉપલબ્ધ હોવા છતાં નવા વિભાગો શરૂ કરવાને બદલે જુના બંધ કરાતા વિરોધ. માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો જેતલસર અને આસપાસના ગામોના લોકો 'રેલ રોકો આંદોલન' અને ઉગ્ર જન આંદોલન છેડશે.

# થરાદના વાવ માં પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની થશે ઉજવણીઃ મંત્રીઓ જિલ્લાઓમાં કરશે ધ્વજવંદન

પ્રતિનિધિ,ગાંધીનગર

૭૭ માં પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ થરાદ જિલ્લામાં થવાની છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી વાવ થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે ૯ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે, તેમજ પરેડ માર્ચ પાસ્ટ ની સલામી ઝીલશે, રાજયકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસદળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.



આ રાષ્ટ્રીય પર્વની રાજયની વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જ જે ઉજવણી થશે તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે, રાજયના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં જાહેર કરાયેલી યાદીમાં જણાવ્યા મુજબ (૧) નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ નવસારી જિલ્લાના ચીખલીમાં (૨) કૃષિ મંત્રી જીતુ વાઘાણી જેતપુર માં (૩) ઉર્જામંત્રી ઋષીકેશ પટેલ માણસામાં (૪) શ્રમરોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા રાણાવાવમાં (૫) આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ ઉમરગામમાં (૬) વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ લીંબડીમાં (૭) શિક્ષણમંત્રી ડો.પ્રદ્યુમન વાજા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે (૮) અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં ધ્વજવંદન કરાવશે.

જયારે રાજયકક્ષાના મંત્રીઓ અન્ય તાલુકાઓમાં ધ્વજ વંદન કરાવશે જેમાં (૧) જળ સંપત્તિ રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ એકતાનગરમાં (૨) મહિલા અને બાળ કલ્યાણમંત્રી ડો. મનિષાબેન વકીલ બોડેલી તાલુકામાં(૩) મત્સ્યોદ્યોગ મંત્રી પરશોત્તમ સોલંકી તલાલામાં (૪) શ્રમ રોજગાર રાજય મંત્રી કાંતીભાઈ અમૃતીયા ભુજમાં (૫) કૃષિ રાજય મંત્રી રમેશભાઈ કટારા હાલોલમાં (૬) શહેરી વિકાસ રાજય મંત્રી દર્શનાબેન વાઘેલા વઢવાણમાં (૭) કાયદા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા વલ્લભીપુરમાં (૮) વાહન વ્યવહાર રાજય મંત્રી પ્રવિણ માળી વિસનગરમાં (૯) રમત ગમત રાજય મંત્રી ડો. જયરામ ગામીત આહવા માં (૧૦) ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી ત્રિકમભાઈ છાંગા ખાંભામાં (૧૧) નાણાં રાજય મંત્રી કમલેશ પટેલ વાઘોડીયામાં (૧૧) મહેસુલ રાજય મંત્રી સંજયસિંહ મહિડા ખંભાતમાં (૧૨) આદિજાતિ વિકાસ રાજય મંત્રી પી સી બરંડા કડાણામાં (૧૩) કુટીર ઉદ્યોગ રાજય મંત્રી સ્વરૂપજી ઠાકોર શંખેશ્વરમાં અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજયમંત્રી રીવાબા જાડેજા ગઢડામાં ધ્વજવંદન કરાવશે.

# સુરતમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા કરશનદાસ ભાદરકાને અમિત ચાવડા અને મુકુલ વાસનિકે પહેરાવ્યો ખેસ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જયારે જયારે ચુંટણીઓ આવે ત્યારે નેતાઓ પક્ષપલ્ટા કરતા હોય કાં તો નવા પક્ષમાં જોડાતા હોય છે. ત્યારે હવે થોડા સમયથી સક્રિય રાજનીતીથી દુર રહેલા નેતાઓ ચુંટણી પહેલા હવે નવા પક્ષમાં જોડાઈને ફરી રાજનીતીમાં પાછા ફરી રહ્યા છે. ત્યારે હવે એક સમયે આમ આદમી પાર્ટીનુ ખુબ જ મોટુ નામ કરશનદાસ ભાદરકાએ હવે કોંગ્રેસમાં જોડાવવાની જાહેરાત કરી હતી.




જે તે સમયે વિસાવદર વિધાનસભાની ચુંટણી બાદ આમ આદમી પાર્ટી સાથે કોઈ મુદ્દે આંતરીક ડખો થયો હતો. જે બાદ તેમણે આમ આદમી પાર્ટીના દરેક હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હતું અને હવે તેઓએ કોંગ્રેસમાં જોડાવવાની જાહેરાત કરી હતી. જેના માટે તેમણે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક સાથે મુલાકાત કરી હતી અને આજે સુરતમાં કોંગ્રેસની જનઆક્રોશ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જયાં મુકુલ વાસનિક અને અમિત ચાવડાએ કરશનદાસ ભાદરકાને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ કાઉન્ટડાઉન શરૂ : રાજયની ૬ મહાનગરપાલિકા, ૩૦ જિલ્લા પંચાયત, ૮૧ નગરપાલિકા અને ૨૫૦ તાલુકા પંચાયતોમાં વહિવટદાર નિમાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની રાજકીય દિશા નકકી કરતી ગણાતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓની ઘડીઓ ગણાઈ રહી છે. આગામી ફેબ્રુઆરીના અંત સાથે અમદાવાદ , વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ ૬ મહાનગરપાલિકાઓ સહિત ૩૦ જિલ્લા પંચાયતો, ૮૧ નગરપાલિકાઓ તથા અંદાજે ૨૫૦ તાલુકા પંચાયતોમાં ચુંટાયેલા જનપ્રતિનિધિઓની ૫ વરસની મુદત પુર્ણ થવા જઈ રહી છે. મુદત પુરી થતા જ આ તમામ સંસ્થાઓમાં ચુંટાયેલા શાસનનુ સ્થાન વહિવટદારો લેશે.




સુત્રોના જણાવ્યા મુજબ ફેબ્રુઆરી ના અંતથી આ તમામ સંસ્થાઓ વહિવટી તંત્રના હાથમાં જશે. મહાનગરપાલિકાઓમાં સંબંધિત મ્યુનિસીપલ કમિશ્નરોને વહિવટદાર તરીકે જવાબદારી સોંપાશે, જયારે જિલ્લા પંચાયતોમાં આઈએએસ કેડરના અધિકારીઓ નિયુકત કરાશે, નગરપાલિકાઓમાં ડે.કલેકટર અથવા મામલતદાર ને તથા તાલુકા પંચાયતોમાં ટીડીઓને વહિવટદાર તરીકે નિમવામાં આવશે. આ વ્યવસ્થા ચુંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી યથાવત રહેશે. રાજય ચુંટણી આયોગે પણ અંદરખાને તૈયારીઓ આરંભી દીધી છે. ૧૪ ફેબ્રુઆરીએ ભારતના ચુંટણીપંચ દ્વારા મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ થવાની છે. આ યાદી આધારે રાજય ચુંટણી આયોગ સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટેના મતવિસ્તાર, વોર્ડ રચના અને મતદાન કેન્દ્રોની ગોઠવણી કરશે. માર્ચ મહિના દરમિયાન મતદાર મંડળોની અંતિમ રચના પુરી કરવામાં આવશે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે એપ્રિલના બીજા કે ત્રીજા સપ્તાહે ચુંટણીનુ ઔપચારીક એલાન થઈ શકે છે. ત્યારબાદ મે મહિનાના મધ્યભાગમાં મતદાન યોજાય તેવી પુરી સંભાવના છે. સ્થાનિક સ્વરાજયની આ ચુંટણીને મીની વિધાનસભા તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તેના પરીણામો આવનારી વિધાનસભા ચુંટણી પર સીધી અસર પાડતા હોય છે. નવરચિત મહાનગરપાલિકાઓમાં હાલમાં જ વહિવટદારો કાર્યરત છે. બનાસકાંઠા તથા નવી રચાયેલ વાવ થરાદ જિલ્લા પંચાયતમાં પણ ચુંટાયેલ બોડી નથી. તેથી ત્યાં પહેલેથી વહિવટી શાસન ચાલે છે. ફેબ્રુઆરી બાદ સમગ્ર રાજયમાં આવી સ્થિતિ વ્યાપક બનશે. રાજકીય પક્ષોએ પણ અંદરખાને ઉમેદવારોની પસંદગી, સંગઠન મજબુત કરવુ અને મતદારો સુધી પહોચવાની રણનીતી ઘડવાનુ કામ સરૂ કરી દીધુ છે. ગામડાથી લઈને મહાનગરો સુધી રાજકીય ગરમાવો ધીમે ધીમે વધતો જોવા મળી રહ્યો છે. આ ચુંટણી ૨૦૨૭ માં યોજાનારી વિધાનસભાની ચુંટણી પહેલા સૌથી મોટો રાજકીય મોરચો ગણાશે. ૨૭ ટકા ઓબીસી અનામત અમલ સાથે યોજાનારી આ પહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણી હશે.

કુલ ૧૫ મહાનગરપાલિકાઓ જેમાં ૯ નવી અને ૬ જુની કુલ ૧૫, જે ૬૮ વિધાનસભા બેઠકો ને સીધી અસર કરશે, ૩૨ જિલ્લા પંચાયતો ૧ નવી અને ૩૧ જુની માટેનુ મતદાન ૧૦૪ વિધાનસભા ક્ષેત્રોને અસર કરશે, ૨૪૯ તાલુકા પંચાયતોની ચુંટણી પર અંદાજે ૧૦૪ બેઠકોનો રાજકીય સમીકરણ બદલી શકે છે. ૮૦ નગરપાલિકાઓના પરીણામો ૭૪ વિધાનસભા બેઠકો પર અસરકારક સાબિત થશે. આ રીતે રાજયની ૧૮૨ માં થી ૧૭૦ થી વધુ વિધાનસભા બેઠકો પર સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળશે. તેથી તમામ રાજકીય પક્ષો માટે આ ચુંટણી અત્યંત મહત્વની બની રહી છે.

# ૨૧ જાન્યુ. થી ખાખી વર્દીનો જંગઃ ગુજરાત પોલીસ ભરતીના ૧૦ લાખ ઉમેદવારો માટે ૧૫ ગ્રાઉન્ડ પર લગાવશે દોડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના લાખો યુવાનો જે ઘડી ની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે હવે આવી ગઈ છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંક જીપીઆરબી / ૨૦૨૫-૨૬/૧ હેઠળ કુલ ૧૩૫૯૧ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયાનો શંખનાદ ફુંકાઈ ચુકયો છે. જેમાં ૮૫૮ પીએસઆઈ કેડર અને ૧૨૭૩૩ લોકરક્ષક કેડરની જગ્યાઓ માટે આગામી ૨૧ મી જાન્યુઆરી ૨૦૨૬ થી રાજયભરમાં શારીરિક કસોટીઓનો પ્રારંભ થશે. આ વખતે ભરતી પ્રક્રિયાને સંપૂર્ણપણે પારદર્શક બનાવવા માટે આધુનિક ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. રાજયના કુલ ૧૫ પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) પર યોજાનારી આ કસોટીમાં તમામ ઉમેદવારોનુ બાયોમેટ્રીક રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આખી પ્રક્રિયા સીસીટીવી કેમેરાની કડક નિગરાની હેઠળ રહેશે. જેનુ સીધુ મોનીટરીંગ ગાંધીનગરના સેન્ટ્રલ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે. કસોટીનુ સમયપત્રક અને નિયમો જોઈએ તો પુરુષ ઉમેદવારો માટે ૨૧ જાન્યુઆરીથી ૧૩ માર્ચ સુધી ૫ હજાર મીટરની દોડ ૨૫ મીનીટમાં પુરી કરવી પડશે, મહિલા અને માજી સૈનિકો માટે ૨૧ જાન્યુઆરી થી ૬ માર્ચ સુધી મહિલાઓ માટે ૧૬૦૦ મીટર અને માજી સૈનિકો માટે ૨૪૦૦ મીટર દોડ પુરી કરવી પડશે. જયારે શારીરિક માપણી ઉંચાઈ અને છાતીની માપણી માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓ તૈનાત રહેશે. જેથી ચોકસાઈ જળવાઈ રહે, દરેક ગ્રાઉન્ડ પર વ્યવસ્થા જાળવવા માટે ડીઆઈજીપી અથવા આઈજીપી કક્ષાના સુપરવિઝન અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. દરેક કેન્દ્ર પર ૯૦ થી વધુ પોલીસ સ્ટાફ ઉમેદવારોની સુવિધા અને સુરક્ષા માટે કાર્યરત રહેશે. લોકરક્ષક માટે ધોરણ ૧૨ અને પીએસઆઈ માટે સ્નાતકની લાયકાત ધરાવતા ૧૦ લાખ થી વધુ ઉમેદવારો વચ્ચે હવે મેદાનમાં ખરાખરીનો જંગ જામશે. મહેનત અને શિસ્તતા સાથે વર્દી પહેરવાનુ સપનુ સેવતા યુવાનો માટે આ શારીરિક કસોટી પ્રથમ અને મહત્વનુ સોપાન છે.



# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા અનામત મુદ્દે ભાજપ સરકારનુ ટેન્શન વધ્યુંઃ ઈડબલ્યુએસ અનામત માટે પાટીદાર, ક્ષત્રીય અને બ્રાહ્મણ સમાજ મેદાને

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મહાનગર પાલિકાઓ અને તાલુકા પંચાયતોની ચુંટણીના પડઘમ વાગે તે પહેલા જ અનામતનો મુદ્દો ફરી એકવાર રાજય સરકાર માટે પડકારરૂપ બની રહ્યો છે. પાટીદાર, ક્ષત્રીય અને બ્રાહ્મણ સહિતના બિન અનામત વર્ગો એ હવે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૧૦ ટકા ઈડબલ્યુએસ (આર્થિક રીતે નબળા વર્ગો) અનામત લાગુ કરવાની માંગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે. પાટીદાર નેતા વરૂણ પટેલ અને અન્ય સામાજિક આગેવાનોએ સરકાર સામે મુખ્યત્વે બે મુદ્દાઓ રજુ કર્યા છે.




ઈડબલ્યુએસ અનામતનો અમલ કરવો, પાલિકા અને પંચાયતની ચુંટણીઓમાં બિન અનામત વર્ગના તેજસ્વી અને આર્થિક રીતે નબળા ઉમેદવારોને તક મળે તે માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરવી, ઓબીસી અનામતનુ સરળીકરણ કરવુ, રાજય સરકારે ઓબીસી અનામત ૧૦ ટકા થી વધારીને ૨૭ ટકા કરી છે, પરંતુ આગેવાનોની માંગ છે કે જયાં ઓબીસી વસ્તી વધુ હોય ત્યાં જ ૨૭ ટકાનો અમલ કરવો, જયાં વસ્તી નહીવત હોય ત્યાં બેઠકો અન્ય વર્ગ માટે ખુલ્લી રાખવી જોઈએ,

અનામતની આ માંગણીને બુલંદ બનાવવા માટે આગામી અઠવાડીયે ગાંધીનગરમાં પાટીદાર, ક્ષત્રીય અને બ્રાહ્મણ સમાજના આગેવાનોની એક મહત્વની બેઠક યોજાશે. આ બેઠકમાં આંદોલનાત્મક કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. સરકાર સમક્ષ સત્તાવાર રજુઆત કરવા માટેની રણનીતી ઘડાશે. બજેટ સત્ર દરમિયાન આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવી શકી છે. એક તરફ હજુ આખરી મતદાર યાદી તૈયાર થઈ રહી છે અને ચુંટણીની તારીખોની રાહ જોવાઈ રહી છે. તો બીજી તરફ અનામતનુ આ ભુત ધુણતા ભાજપ સરકાર સામે રાજકીય મોરચે મુશ્કેલીઓ વધી શકે છે. વર્ષ ૨૦૧૫ ના પાટીદાર અનામત આંદોલને જે રીતે સત્તાધારી પક્ષ ભાજપને મુશ્કેલીમાં મુકયો હતો તે જોતા સરકાર આ વખતે આ મુદ્દે વહેલી તકે ઉકેલ લાવવા માટે પ્રયત્નશીલ રહે તેવી શકયતા છે. આગેવાનોનુ કહેવુ છે કે સ્થાનિક ઓળખ અને સામાજિક ન્યાય એ બંધારણીય અધિકાર છે. જો સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય નહી લે તો આગામી દિવસોમાં ગુજરાતના રોડ રસ્તાઓ પર ફરી એકવાર આંદોલનના દ્રશ્યો જોવા મળી શકે છે. ખાસ કરીને જયારે રાજય વિધાનસભાનુ બજેટસત્ર શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે આ મુદ્દો ગૃહમાં પણ ગાજે તેવા સંકેતો મળી રહ્યા છે.

# પાટણ જિલ્લાની હારીજ નગરપાલિકામાં ભાજપમાં ભડકો : પાલિકા ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ હોવાનો કોર્પોરેટરોનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લાની હારીજ નગરપાલિકામા ભાજપના ૧૧ કોર્પોરેટરે બળવો ઠાલવ્યો છે અને વિકાસના નામે નગરપાલિકામાં ભ્રષ્ટાચાર કરવાનો આરોપ કરવામાં આવ્યો છે. પાલિકાના પ્રમુખ માત્ર મીટીંગમાં હાજરી આપી જતા રહે છે અને એક મહિના પહેલા ૧૧ કોર્પોરેટરે લેખીતમાં રજુઆત કરી હતી અને કોર્પોરેટરોએ પ્રમુખ અને ઉપપ્રમુખ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. ભાજપ શાસિત હાજરી નગરપાલિકામાં ભાજપના જ ૧૧ કોર્પોરેટરે જાહેરમાં રોષ ઠાલવ્યો હતો અને પાલિકામાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તો પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ હાજર રહેતા નથી અને મીટીંગમાં આવીને જતા રહે છે તેવી વાત બહાર આવી છે. આ મામલે ૧૧ કોર્પોરેટર દ્વારા પ્રદેશ ભાજપને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી તો પણ તેને લઈ તેમને કોઈ પરીણામ હજુ સુધી મળ્યુ નથી તેવી વાત બહાર આવી છે. આ સાથે કોર્પોરેટરોએ એવી પણ ચીમકી ઉચ્ચારી છે કે જો અમારી માંગ નહી સંતોષાય તો અમે રાજીનામા ધરી દઈશુ, તો આ મામલે પ્રમુખ અને ઉપપ્રમુખના કોઈ નિવેદન મીડીયા સામે આવ્યા નથી. હવે ભાજપ પ્રદેશ ઓફીસથી કોઈ પગલા લેવામાં આવે તો જ નિરાકરણ આવશે તેવુ કોર્પોરેટરોનુ કહેવુ છે.

